# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## મહાનગર સેવા સદન, અમદાવાદ

## નિર્મળ ગુજરાત ૨૦૦૮

### નિર્મળ ગુજરાત વિષય ઉપર બેઝ પેપર

**[A] આરોગ્ય વિભાગ :**

- દરરોજ બપોર પછી વોર્ડ દીઠ એક કિ.મી.ના રસ્તાને ટીમ દ્વારા સફાઈ કરાવવી.
- રસ્તામાં આવતા પબ્લીક જાજરુ, પેશાબખાનાની આસપાસ રોજેરોજ દવા છંટકાવ કરી આસપાસની જગ્યા સ્વચ્છ કરાવવી.
- કચરો ફેંકનાર પાસેથી વહીવટી ચાર્જની વસુલાત કરવી
- ગંદા સ્થળોએ સફાઇ કરાવી જંતુનાશક દવાઓનો છંટકાવ કરાવવો.
- બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશનની આદર્શ સફાઈ કરાવવી. જાહેર સ્થળો મંદિરો, માર્કેટની આસપાસ આદર્શ સફાઈ કરાવવી.
- શહેરના નગરજનો / કોમર્શીયિલ એકમો દ્વારા કચરો ગમે ત્યાં ખુલ્લામાં ફેંકવામાં ન આવે તે માટે કડક ચેકીંગ કરવા સારુ સ્પેશીયલ સ્કવોર્ડ ઉભી કરવી તથા ગંદકી કરવા બદલ દંડ વસુલ કરવો.
- શહેરના રાત્રિ ખાણી-પીણી બજારમાં રાત્રે બજાર પૂરુ થયેથી સફાઈ તાત્કાલિક હાથ ધરાવવી. ઉપરાંત ગંદકી કરવા બદલ દંડ વસુલ કરવો.
- કચરો રસ્તા પર કે ખુલ્લી જગ્યામાં ગમે ત્યાં ના ફેંકાય અને કચરો કચરા પેટીમાં જ નાંખવામાં આવે તેવી સમજ આપી અમલ કરાવવો.
- ઘરે ઘરે, દુકાને દુકાને કચરાનું ડસ્ટબીન રખાવવા અને કચરો ડસ્ટબીનમાંજ નંખાય તેવી વ્યવસ્થા કરવી.
- શહેરી વિસ્તારોમાંથી ૨૦ માઇક્રોનથી ઓછી હોય તેવી પ્લાસ્ટીકની કોથળીઓના વપરાશ સંપૂર્ણપણે અટકે તે સુનિશ્ચિત કરવુ અને ઈકો ફ્રેન્ડલી વૈકલ્પિક વ્યવસ્થા અંગે જાગૃત કરવા.
- માટી, પુરણી ગમે ત્યાં રસ્તા પર ન નાખતાં, નિયત કરેલી જગ્યાએ જ નિકાલ કરાવવો.
- નદી-તળાવ જેવા પીવાના પાણીના પ્રાપ્તિસ્થાનોમાં કચરો કે ગંદુ પાણી નાંખવામાં ન આવે તે સુનિશ્ચિત કરવું.
- જાહેર જગ્યાઓ જેવી કે જ્યાં મોટાપ્રમાણમાં કચરો એકત્રિત થતો હોય તેવી જગ્યાઓમાંથી કચરો ઉઠાવી લઇને જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો.
- માંખી મચ્છરનો ઉપદ્રવ રોકવા ઓઇલ / જંતુનાશક દવાનો છંટકાવ કરવો.
- જાહેર સ્થળોમાં ખુલ્લામાં વેચાતા બીન આરોગ્યપ્રદ ખોરાકનો નાશ કરવાની ઝુંબેશ હાથ ધરવી અને કાયમી વ્યવસ્થા ગોઠવવી.

- રોજે રોજ નિયમિત પાણીની ગુણવત્તા અને ક્લોરીનેશનના પ્રમાણનું લેબોરેટરી ટેસ્ટીંગ કરાવવું.
- કાંસ / વરસાદી ગટર / નાળા વગેરે ની સંપૂર્ણ સફાઇ ઝુંબેશ.
- બાળકોમાં સ્વાસ્થ્યલક્ષી સુટેવો પડે તે માટે શાળા અને આંગણવાડી સ્તરે સ્વચ્છતાલક્ષી શિક્ષણનો અમલ કરાવવો.
- શહેરમાં આવેલ તમામ મ્યુનિ. કોર્પોરેશનના મકાનોની આજુબાજુ અને અંદરના ભાગમાં સંપૂર્ણ સાફસફાઇ હાથ ધરવી.
- શેરી ફેરીયાઓ પોતાનો કચરો જાહેરમાં ન ફેંકે અને પોતાની પાસેની થેલી અથવા કાર્ટુનમાં કચરો એકત્રિત કરી રાખે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.
- કામદારો પાસેથી કામગીરી અસરકારક લેવા માટે દરેક કામદારને નિયમ મુજબ આપવાના થતા ઝાડૂ, સૂપડી,હાથ લારીઓ, હેન્ડ ગ્લોઝ અચૂક આપવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવી.
- ડબ્બામાં એકત્ર કરેલો કચરો સફાઇ કામદાર વાળવા આવે ત્યારે તેની લારીમાં ઠાલવવામાં આવે અથવા તો નજીકની કચરાપેટીમાં નાંખવામાં આવે તેવી વ્યવસ્થા કરવી.
- સોસાયટીઓ અને બહુમાળી મકાનોના એસોસીએશનને પોતાના સભ્યો માટે ૮૦ થી ૧૦૦ લીટરના કોમ્યુનિટી બીન રાખી, તેમાં બધા એકમોનો કચરો ભેગો કરાવી, એકત્ર કરેલો કચરો પોતાાના સફાઇ કામદાર મારફતે મ્યુનિસિપલ કચરાપેટીમાં નિયમિત રીતે ઠાલવવાની વ્યવસ્થા કરાવવી.
- શહેરના તમામ વિસ્તારોમાં ડોર ટુ ડોર ઘનકચરા એકત્રીકરણની પધ્ધતિનો ફરજીયાત અમલ કરાવવો.
- દરેક પરિવાર પોતાના ત્યાંથી ઉત્પન્ન થતો કચરો ભીનો અને સુકો એમ બે અલગ પાત્રોમાં રાખે તેની જાગૃતતા કેળવવી.
- શહેરમાં સફાઈની કામગીરીમાં જાગૃતતા લાવવા સારુ પ્રચાર માધ્યમો દ્વારા એડવર્ટાઈઝમેન્ટ કેમ્પેઈન કરવો તથા ધાર્મિક સંગઠનો / રાત્રિ ભજન મંડળ વિગેરેનો પણ આ બાબતે સહયોગ મેળવવો.
- નિર્મળ ગુજરાત અભિયાનના કાર્યક્રમમાં ના અનુસંધાનમાં નિર્મળ શહેર, સફાઇ ઝુંબેશમાં નાગરિકોનો સક્રીય સહકાર મેળવવો.
- દરેક વોર્ડમાં સફાઇ કામદારો માટે ટૂંકી સમય મર્યાદાની ચિંતન શિબિર હાથ ધરી ચિંતન શિબિર દ્વારા સફાઇ કામદારોને તેમના કામ પ્રત્યે મોટીવેટ કરવા.
- લોકજાગૃતિ માટે આરોગ્ય મેળા / કેમ્પનું આયોજન કરવું.
- સ્વચ્છતા સ્પર્ધામાં સામેલ થઇ પરિણામલક્ષી કામગીરી કરવી.

## [B] એન્જીનીયરીંગ વિભાગ

- એક કિ.મી. વિસ્તારમાં જયાં સફાઈની ટીમ કામ કરે તે જ રસ્તા ઉપર લાઈટ, પાણી, ગટર, ટેલીફોન વિભાગ ઈત્યાદી દ્વારા થયેલ ખોદાણ કામ પછી રીઈન્સ્ટેટ કરવાના કોઈ કારણોસર બાકી રહી ગયા હોય તો પત્થર રીઈન્સ્ટેટ કરાવવા, પાણીના લીકેજ દૂર કરવા, રસ્તાઓનું પેચવર્ક કરાવવું.
- પબ્લિક લેટરીનમાં ઓવરહેડ તથા અન્ડરગ્રાઉન્ડ ટેન્ક મૂકાવવી અને તેને અદ્યતન બનાવવા.
- પે એન્ડ યૂઝ ટોયલેટનું બાંધકામ ઝડપથી થાય અને આ પ્રમાણે તેનું અમલીકરણ ઝડપથી થાય તે સારુ પ્રયત્નો કરવા.
- બસ સ્ટેશન, શોપીંગ સેન્ટર, મંદિર, શાક માર્કેટ જેવા સ્થળોએ જાહેર મુતરડીઓ / સંડાસ જેવી સગવડો ઉભી કરવી. આવા સ્થળોએ પાર્કીંગની પણ પુરતી સગવડો ઉભી કરવી.
- વ્યકિતગત ટોઈલેટને પ્રોત્સાહન આપીને તેનું મોટા પ્રમાણમાં બાંધકામ કરાવવું.
- અન્ડર ગ્રાઉન્ડ ગટર લાઇનના તમામ બ્લાકેજ દુર કરવા અને નિયમિત રીતે સફાઇ કરાવવી.
- મોટી ડ્રેનેજ લાઈનો ભરાઈ હોય તો તે સાફ કરાવવી. ભરાઈ ગયેલ ન હોય તો પણ તેટલા પૂરતી મરામતની અસરકારક કામગીરી કરાવવી.
- એક કિ.મી. વિસ્તારમાં આવતા મેનહોલ સાફ કરાવવા, કેચપીટ સાફ કરાવવી, ચેમ્બરોની સફાઈ કરાવવી.
- રસ્તામાં આવતી કાચી કચરાપેટીઓ પાકી કરાવવી.
- ગટરોમાં ગંદુ પાણી બ્લોક ના થાય અને સતત વહેતું રહે તે માટેની કાયમી વ્યવસ્થા સુનિશ્ચિત કરવી. ખુલ્લી ગટર લાઇનની સામુહિક ઝુંબેશ કરાવી સંપૂર્ણ સફાઇ કરાવવી અને તમામ પ્રકારના બ્લોકજ અવરોધ દૂર કરાવવા.
- વરસાદી પાણીના સુયોગ્ય અને સમયસર નિકાલ માટેની કાયમી વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.
- ભુગર્ભ ટાંકીઓ અને સેપ્ટીક ટાંકીઓ નિયમિત રીતે સાફ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું. જરુરીયાત મુજબ આવી ટાંકીઓમાં જરુરી સુધારા પણ કરાવવા.
- મુખ્ય રસ્તાઓની બંન્ને બાજુએ હયાત ફુટપાથ સરખી બનાવવી, જેથી ધુળ ઉપર આવે નહીં અને લોકોને ચાલવામાં સરળતા રહે.
- મ્યુનિસિપલ કચેરીઓના કંપાઉન્ડમાં પડેલ જુના માલસામાન વગેરેનો તાત્કાલિક નિકાલ કરાવવા કાર્યવાહી કરી આદર્શ સફાઇ કરાવવી.
- જે જગ્યાઓમાં પાણી ભરાઇ રહેતું હોય તેવી જગ્યાઓ શોધી કાઢી તેમાં ભરાયેલ પાણીનો નિકાલ કરાવવો.
- પાણીની લાઇનના લીકેજ શોધવા માટેની સઘન ઝુંબેશ હાથ ધરવી અને આવા લીકેઝીસ યુધ્ધના ધોરણે રીપેર કરાવવા. પીવાના પાણીની લાઇન, ઓપન ડ્રેનેજ અથવા અન્ય ડ્રેનેજ લાઇન થી સુરક્ષિત અંતરે રાખવી અને પ્રદુષિત થતી અટકાવવી.

- પીવાના પાણીના પ્રાપ્તિસ્થાનોની આજુબાજુના વિસ્તારોને સુરક્ષિત કરવા અને આવા સ્થળોની નિયમિત સઘન સફાઇ થાય તે રીતની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.
- ટેઇલ એન્ડમાં જો પુરતા પ્રમાણમાં ક્લોરીનેશનનું પ્રમાણ જળવાતું ન હોય તેવા વિસ્તારોમાં ક્લોરીનની ટીકડીઓની વ્યવસ્થા ગોઠવવી. ક્લોરીનેશનમાં કાયમી ધોરણની વ્યવસ્થા ગોઠવવી.
- દરેક મ્યુનિસિપલ મકાનનું યોગ્ય સ્વરુપમાં રંગરોગાન કરાવવું.
- શહેરના મુખ્ય જાહેર માર્ગો ઉપર સ્થળોની વિગતો દર્શાવતા રોડ સાઈનેજ મૂકવા. ચાર રસ્તા ઉપર ટ્રાફિક એન્જીનીયરીંગ જરુરી હોય ત્યાં કરાવવું.

## [C] સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ

- તમામ ગાડીઓ કંતાન ઢાંકીને પસાર થાય તેવી વ્યવસ્થા ગોઠવવી, કચરો કોઈ પણ સંજોગોમાં રસ્તા ઉપર ઢોળાય નહીં અને જાહેર જનતાને કચરાથી કોઈ મુશ્કેલી ન સર્જાય તેવી વ્યવસ્થા ગોઠવવી.
- કચરાપેટીઓની આસપાસ આદર્શ સફાઈ કરાવી કચરાપેટીઓ જંતુનાશક દવા છંટકાવ કરાવી આદર્શ રાખવી.
- સામુદાયિક કચરાના એકત્રીકરણની સઘન વ્યવસ્થા ગોઠવવી.
- તમામ હોસ્પીટલ / દવાખાનામાંથી ઉત્પન્ન થતા મેડીકલ વેસ્ટનું નિયમોનુસાર એકત્રીકરણ અને નિકાલની વ્યવસ્થા ગોઠવવી.
- મૃત પશુઓનો પધ્ધતિસર નિકાલ કરવો અને તેને માટે નક્કી કરેલ જગ્યાઓમાંજ નિકાલ થાય તે સુનિશ્ચિત કરવું.

## [D] ટી.ડી.ઓ. / દબાણ વિભાગ

- ૧ કિ.મી. રસ્તામાં આવતા દબાણો દૂર કરાવવા. જયાં બાંધકામ ચાલે છે ત્યાં શટર / પડદાનો ઉપયોગ કરવા ફરજ પાડવી.
- જાહેર રસ્તાઓ ઉપરના દબાણો દુર કરાવી ફરીથી દબાણ ન થાય તે માટે કડક કાર્યવાહી કરવી.
- સમગ્ર શહેરમાં આવેલી દુકાન ઉપરના બોર્ડ સિવાયના તમામ બોર્ડ તથા પાટીયા ફુટપાથ ઉપરથી દુર કરાવવા.
- જોખમકારક અને અસુરક્ષિત મકાનોને દૂર કરાવવા અથવા શક્ય હોય તો યોગ્ય રીતે મરામત કરાવવા અને સંપૂર્ણ સલામત તબક્કે લાવવા.

- રમતગમતના મેદાનો વિકસાવવા અને હયાત મેદાનો ઉપરના દબાણો વગેરે દુર કરાવી નિયમિત સાફ સફાઇની વ્યવસ્થા ગોઠવવી જેથી બાળકોને રમવા માટે સુરક્ષિત જગ્યા મળી શકે.

### [E] બગીચા વિભાગ

- રસ્તાની બંને બાજુએ મોટા પાયે વૃક્ષોના થડને રંગકામ કરાવવું તેમજ ખુલ્લા પ્લોટમાં પણ વનીકરણ માટે કાર્યવાહી કરવી.
- શહેરના બાગબગીચાઓમાં નિયમિત સંપૂર્ણ સાફ સફાઇ થાય અને બગીચાઓની પૂરતી સંભાળ લઇ નિયમિત જાળવણી થાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.
- કાચા ભાગમાં પ્લાન્ટેશન તથા ગ્રીનરી ઉગાડી ધુળ, માટીને ઉડતી અટકાવવી.
- પ્લાન્ટેશન કરેલ વૃક્ષોને નિયમિત પાણી પીવડાવવા કાર્યવાહી કરવી.
- સ્થળ પ્લોટને અનુરુપ વૃક્ષોની પસંદગી સાથે વૃક્ષારોપણ કરવા કાર્યવાહી કરવી.

### [F] પબ્લીસીટી વિભાગ

- નિર્મળ ગુજરાત અભિયાનના કાર્યક્રમમાં સ્વચ્છતા અભિયાનમાં સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ જેવી કે રોટરી ક્લબ, લાયન્સ ક્લબ, એન.એસ.એસ. સ્ટુડન્સ વગેરે નો સહયોગ મેળવી સફળ અમલીકરણ સુનિશ્ચિત કરવું.
- જાહેર જગ્યાએ તથા નિર્મળ ગુજરાત સંબંધી સુત્રો અને પોસ્ટરો લગાવવા.
- નિર્મળ ગુજરાત અભિયાન અંગેની જનજાગૃતિ લાવવા સારુ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું અને પત્રિકાનું વિતરણ કરવું.
- નિર્મળ ગુજરાત અભિયાનના કાર્યક્રમમાં લોકોની / નાગરિકોની ભાગીદારી સુનિશ્ચિત કરવી. આ કાર્યક્રમ મ્યુનિસિપલ કોર્પોરેશનનો બની ન રહેતા, લોકોનો કાર્યક્રમ બને તે બાબતને કેન્દ્રમાં રાખી સમગ્ર આયોજન અને અમલીકરણ ગોઠવવું.

### [G] મ્યુનિસિપલ શાળાઓ

- દરેક શાળાના કંપાઉન્ડમાં આદર્શ સફાઇ કરાવવી જોઇએ, જેમાં ઝાડના પાંદડા સહિતના કચરાનો નિયમિત નિકાલ કરાવવો તથા ખુણા ખાંચામાં કચરો પડતર રહે નહીં તેની તકેદારી રાખવી, કંપાઉન્ડની રોજેરોજ સફાઇ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.
- શાળાઓના લેટરીન, પેશાબખાનાની નિયમિત સફાઇ કરાવી સ્વચ્છ રાખવા. જ્યાં રીપેરીંગની જરુર હોય ત્યાં જે તે ઝોનના એન્જીનીયરીંગ વિભાગના વોર્ડ ઓફિસર, પ્રભારી અધિકારીના સંપર્કમાં રહી તાકીદે રીપેરીંગ કામ પુરુ કરાવવા કાર્યવાહી કરવી.

- સાપ્તાહિક ધોરણે સાતમાં ધોરણના બાળકો દ્વારા શાળાની સફાઇ કામગીરી અંગે સમુહ જીવન સફાઇ રેલી યોજી બાળકોમાં સફાઇ અંગે જાગૃતિ લાવવા કાર્યવાહી કરવી.
- શાળાઓના ધાબાઓની નિયમિત સફાઇ કરાવવી, સીડી ઉપરનો કચરો, સીડીની આજુબાજુ મુકેલ જુના સામાનનો નિકાલ કરાવવો અને ધાબાઓની આદર્શ સફાઇ કરાવવી. ચોમાસામાં ધાબામાં પાણી ભરાય નહીં અને ધાબા ચુવાય નહીં તે માટે અગાઉથી રીપેરીંગ કરાવવા માટેના પગલા લેવા.
- પીવાના પાણીની ટાંકીઓની નિયમિત સફાઇ માટે શાસનાધિકારી દ્વારા ટાઇમ ટેબલ નક્કી કરી તે પ્રમાણે ટાંકીઓની સફાઇ કામગીરી કરાવવી અને શાળાઓમાં પાણીની ટાંકીઓ સમયપત્રક મુજબ સાફ થાય છે તે અંગે મદદનીશ શાસનાધિકારી, સુપરવાઇઝર્સ દ્વારા સુનિશ્ચિત કરવુ .
- શાળાઓના બ્લેક બોર્ડ જો તુટી ગયા હોય, રફ હોય, પુરા વપરાશલાયક ન હોયતો તેવા બ્લેક બોર્ડને તાકીદે ઉપયોગ યોગ્ય બનાવવા.
- બેંન્ચીસ તુટી ગયેલ હાલતમાં ન હોવી જોઇએ અને જયાં રીપેરીંગ ની જરુરીયાત હોય તો તે માટે સત્વરે પગલા લેવા.
- શાળાઓના ઓરડાઓ વગેરેની નિયમિત સફાઇ થવી જોઇએ તેમજ વર્ગની બેંચ નીચે આસપાસ તેમજ વર્ગના ખુણા-ખાંચામાં કચરો ભેગો ન થાય, પડતર ન રહે તેની તકેદારી રાખી ઓરડાઓની આદર્શ સફાઇ કરાવવી.
- શાળાઓના ઓફિસ રુમ, આચાર્યના રુમ વગેરેમાં જુની ફાઇલો, કાગળો વગેરે બંધ દફતર બનાવી, તેની ઉપર વિષય લખી યોગ્ય રીતે રાખવા જેથી સફાઇ જળવાઇ રહે.
- શાળાઓના મેદાનો સમથળ બનાવવા, નાના પથરા, રોડા હોય તો તે દૂર કરાવવા, મેદાનો બાળકોને રમવા લાયક કરવા, મેદાનમાં ઝાંડી ઝાખરા હોયતો તે દૂર કરવા.
- પ્રસંગોપાત જયારે મોટા પ્રમાણમાં કચરો ભેગો થાય ત્યારે ઝોનવાઇઝ કચરાપેટીઓમાં તેનો યોગ્ય નિકાલ કરાવવા સારુ વ્યવસ્થા કરાવવી અને ટ્રકલોડ નિકાલ કરાવવાની જરુર થાય તે સમયે વોર્ડ ઓફિસર અને પ્રભારી અધિકારીના સંપર્કમાં રહી તાકીદે આવા કચરાનો નિકાલ કરવા અંગે કાર્યવાહી કરવી.
- શાળાના પ્રવેશદ્વારની આજુબાજુ, બહારના ભાગમાં ભીનો કે સુકો કચરો રહેવો જોઇએ નહીં. ત્યાં યોગ્ય સફાઇ નિયમિત ધોરણે કરાવવાની રહેશે.
- બાળકોને મધ્યાહન ભોજનમાં પૌષ્ટિક ખોરાક મળવોજ જોઇએ. ભોજનની ગુણવત્તા સારામાં સારી હોવી જોઇએ અને તેની ચકાસણી નિયમિત રીતે થાય તેવી વ્યવસ્થા શાસનાધિકારી દ્વારા કરવાની રહેશે.
- એંઠવાડનો યોગ્ય તેમજ સમયસર નિકાલ કરવાનો રહેશે.
- પ્રત્યેક શાળામાં માળ દીઠ જરુરી ડસ્ટબીન મુકવા જેથી જયાં ત્યાં ગંદકી ના થાય. બાળકો આવા ડસ્ટબીનમાંજ કચરો ફેંકે તે માટે તેઓને પ્રોત્સાહિત કરવા.

## [H] પર્યાવરણ

- શહેરના હયાત બાગબગીચાઓમાં નિયમિત સંપૂર્ણ સાફ સફાઇ થાય અને બગીચાઓની પૂરતી સંભાળ લઇ નિયમિત જાળવણી થાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરાવવી.
- રસ્તાની બંને બાજુએ મોટા પાયે વૃક્ષોના થડને રંગકામ કરાવવું તેમજ ખુલ્લા પ્લોટમાં પણ વનીકરણ માટે કાર્યવાહી કરાવવી.
- કાચા ભાગમાં પ્લાન્ટેશન તથા ગ્રીનરી ઉગાડી ધુળ, માટીને ઉડતી અટકાવવી.
- રસ્તાની બંને બાજુમાં આવેલ (રોડ પ્લાન્ટેશન) વૃક્ષો અને નાના પ્લાન્ટસની સાફ સફાઇ કરાવવી.
- આરબોરીકલ્ચરલ્સ (રસ્તા ઉપર વાવવામાં આવતા વૃક્ષો)ની યોગ્ય જાળવણી કરાવવી.
- પ્લાન્ટેશન કરેલ વૃક્ષોને નિયમિત પાણી પીવડાવવા કાર્યવાહી કરાવવી.
- સ્થળ, પ્લોટને અનુરુપ વૃક્ષોની પસંદગી સાથે વૃક્ષારોપણ કરવા કાર્યવાહી કરાવવી.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વિવિધ કચેરીઓ, મકાનોના પ્રાંગણમાં હરિયાળી કરાવવી
- પોતાના વિભાગ હસ્તકની કચેરીઓની સ્વચ્છતા જાળવવી.
- શાળા, કોલેજોના વિદ્યાર્થીઓ, એન.જી.ઓ.અને જાહેર જનતાને વૃક્ષારોપણના કાર્યક્રમોમાં સંમેલિત કરી મોટા પાયે ગ્રીનરી અંગે જન જાગૃતિ કેળવવી.
- હવા પ્રદૂષણ નિયંત્રણ માટે વૈકલ્પિક સ્વચ્છ બળતણ / ગેસ ઉપલબ્ધ હોય તેવા વિસ્તારોમાં ઔદ્યોગિક ગૃહો અને વાહનોમાં તેનો ઉપયોગ વધે તે માટે પ્રયત્નો કરાવવા.
- નદી-તળાવ જેવા પીવાના પાણીના પ્રાપ્તિસ્થાનોમાં કચરો કે ગંદુ પાણી નાંખવામાં ન આવે તે સુનિશ્ચિત કરવું.
- સાબરમતી નદીના પાણીને પ્રદૂષણ મુકત કરવા એકશન પ્લાન તૈયાર કરી તેનું અમલીકરણ કરાવવું.
- સુએઝ અને ઓદ્યોગિક પ્રદૂષિત પાણી નદીનાળામાં આવતું અટકાવી નદીઓને નિર્મળ બનાવવા માટે જરુરી કામગીરી હાથ ધરાવવી.
- શાળા કોલેજોના વિદ્યાર્થીઓને હવા, પાણી અને અવાજના પ્રદૂષણથી થતા નુકશાન અને તેને નિયમન કરવા બાબતે જાગૃત કરવા યોગ્ય કાર્યક્રમો યોજાવવા.
- ઘરગથ્થું ઘન કચરાની હાનીકરતા અને તેના નિયમન માટે લોક ભાગીદારીથી વિવિધ લોકસમૂહોમાં જાહેર જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમો હાથ ધરાવવા.
- ઘન કચરાનો યોગ્ય નિકાલ થાય અને શહેરો નિર્મળ બને તે માટે જરુરી પગલા લેવડાવવા.
- જૈવિક તબીબી કચરાની હાનિકારકતા, જાખમ અને તેના નિયમન માટે હોસ્પિટલના કર્મચારીઓ તથા તબીબો તેમજ સમગ્ર જનસમુદાયમાં જાગૃતિ લાવવાના કાર્યક્રમો હાથ ધરાવવાં.

- સ્વચ્છ હવા અને નિર્મલ વાતાવરણની અગત્યતા તથા હવા પ્રદૂષણની હાનિકારકતા તથા તેના નિયમન માટે લોક ભાગીદારીથી વિવિધ લોકસમૂહોમાં જાહેર જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમો હાથ ધરાવવા.
- ઔદ્યોગિક વિસ્તારોમાં હવા અને પાણીનું પ્રદૂષણ અટકાવવા કડક પગલા લેવડાવવા.
- અવાજ પ્રદૂષણની અવળી અસરો અંગે જાગૃતિ લાવવા જનભાગીદારીના કાર્યક્રમો ધરવા તથા અવાજ પ્રદૂષણ નિયંત્રણ માટેના એક્શન પ્લાનનું અમલીકરણ સઘન બનાવવું.
- પ્લાસ્ટીક તથા બીનનાશવંત કચરાની અસરો અંગે જનજાગૃતિ કેળવવી અને પ્લાસ્ટિક કચરાનું સુયોગ્ય વ્યવસ્થાપન કરવા માર્ગદર્શિકા બનાવવી.
- ઔદ્યોગિક જોખમી ઘન કચરાના યોગ્ય વ્યવસ્થાપન માટે મૌલિક કાર્યક્રમોને વધુ વેગ આપવો.

## [I] મ્યુનિસિપલ હોસ્પીટલ

- વોર્ડ, લોબીઓ, કેન્ટીન વગેરેમાં નિયમિત આદર્શ સફાઇની વ્યવસ્થા ગોઠવવી.
- વોર્ડની આંતરિક સફાઇ - ચાદરો, તકીયા નિયમિત બદલાય, બેડ સાફ સુથરા હોય તે સુનિશ્ચિત કરાવવું.
- જયાં ત્યાં કચરો નંખાય નહી તે માટે ડસ્ટબીન રખાવવા.
- જયાં ત્યાં લોકો થુંકે નહી તે માટે પીકદાનીઓ રખાવવી.
- ભંગારનો તાકિદે નિકાલ કરાવવા કાર્યવાહી કરવી.
- ટોઇલેટસ, લેટરીન્સની નિયમિત સફાઇ, જંતુનાશક દવાનો રોજે રોજ છંટકાવ કરાવવો.
- હોસ્પીટલ દ્વારા ઇન્ડોર દર્દીઓને આપવામાં આવતા ખોરાકની ગુણવત્તા સુનિશ્ચિત કરવી.
- પીવાના પાણીની ટાંકીઓની સમયસર સફાઇ કરાવવી.
- દર્દીઓ સાથે મેડીકલ પેરામેડીકલ વગેરે સ્ટાફ દ્વારા માયાળુ વર્તન રહે તે માટે તેઓને મોટીવેટ કરવા.
- ડોક્ટર્સ અને અન્ય મેડીકલ તેમજ વહીવટી સ્ટાફ નિયમિત અને સમયસર ફરજ ઉપર હાજર રહે તે સુનિશ્ચિત કરવું.
- હોસ્પીટલમાં આવેલ બગીચામાં પ્લાન્ટેશન, હરીયાળી કરાવવી.
- બાયો મેડીકલ વેસ્ટના યોગ્ય નિકાલની યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.

ઉપરોક્ત બાબતે સમયબધ્ધ જરુરી પગલાં લેવાના રહેશે તથા થયેલ કામગીરીની વિગત. દર્શાવતા પત્રકો નિર્મળ ગુજરાત અંતર્ગત થયેલ સરક્યુલર મુજબ રાજય સરકારશ્રીમાં સમયસર મોકલવા કાર્યવાહી કરવાની રહેશે.

**નિર્મળ ગુજરાત અંતર્ગત થઇ રહેલ કામગીરીનું ડોક્યુમેન્ટેશન કરાવવાનું રહેશે.**